


## ચિલોડા-હિંમતનગર હાઈવે માર્ગ પર વરસાદનું પાણી ભરાતાં વાહનચાલકોને ભારે હાલાકી

ભાદરવા સુદ ત્રીજને દિવસે સવારે અચાનક ચિલોડા-લીંબડીયા વિસ્તારમાં બે થી ત્રણ કલાક મેઘરાજાની ધમાકેદાર ધોધમાર એન્ટ્રી થતાં વિસ્તારના મુખ્ય જગ્યાએ તેમજ ચિલોડાથી હિંમતનગર જતો નેશનલ હાઈવે માર્ગ પર બંને બાજુએ વધુ વરસાદના પાણી ભરાતાં હાઈવે માર્ગ મીની સરોવર જેવા દ્રશ્યો સર્જાયા હતા. આ હાઈવે માર્ગની બંને બાજુ પાણીનો નિકાલ ઝડપથી થાય તેવી વ્યવસ્થાના અભાવે પાણીનો ભરાવો થતાં વાહનચાલકોને પસાર થવુ ભારે મુશ્કેલ બન્યુ હતુ. રોડ બાજુના વસાહતી અને નાના મોટા ધંધા રોજગાર ધરાવતા વેપારીઓને પાણી ભરાતાં મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. આમ હાઈવે સત્તાવાળાઓ રોડ પર ભરાતા પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય તેવી વ્યવસ્થા તાત્કાલિક હાથ ધરે તેવી રોષ સાથે માંગ કરી રહ્યા છે.

# કોરોના સંકટમાંથી મુક્ત થવા ભાવિકો ઘરે જ દુંદાળા ગણેશજીની પૂજા-અર્ચના કરશે

### શહેરમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણીને કોરાનાનુ વિઘ્ન નડતા ભાવિકો ઘરે મુર્તિની સ્થાપના કરી વિઘ્નહર્તાની ભકિત કરશે : માટીની ઇકો ફ્રેન્ડલી મુર્તિનુ પણ વિશેષ વેચાણ આજથી ગણેશોત્સવનો પ્રારંભ

ગાંધીનગર તા ૨૧

આજે ગણેશચતુર્થી ગણેશોત્સવની ઉજવણી નવરાત પર્વની જેમ ભવ્ય રીતે ઉજવાય બંધ છે. ત્યારે આ વર્ષે ગણેશોત્સવની ઉજવણીના



દુંદાળા દેવની વિશેષ પુજા અર્ચનાનુ પર્વ...દરવર્ષે નગરમાં છે. પરંતુ કોરોના કાળમાં ધાર્મિક અને સાંસ્કૃતિક ઉજવણી સદંતર કાર્યક્રમો પણ રદ કરી દેવાયા છે. શહેરમાં સૌથી જુની સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ પ્રથમવાર ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે નહીં. કોરાનારૂપી સંકટને ડામવા માટે વિઘ્નહર્તા ગણેશજીની ભાવિકો ઘરે જ પુજા અર્ચના કરશે. સેકટરોમાં ભાવિકોએ પોતાના ઘરે જ ગણેશજીની માટીની ઈકો ફ્રેન્ડલી મુર્તિનુ સ્થાપન કરી મહામારી સહીત સઘળા વિઘ્નો દુર કરવા પારિવારિક માહોલમાં જ ગણેશોત્સવની ઉજવણી કરવાનુ નક્કી કર્યુ છે. ગણેશોત્સવના પર્વને અનુલક્ષી ભાવિકોમાં અનોખી ભકિતવંદના સાથે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શહેરમાં ગણેશોત્સવની દરવર્ષે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ગણેશોત્સવ અન્વયે શહેરમાં અનેકવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના લીધે ઉજવણી નવરાત પર્વને સમાંતર બની ગયુ છે. વિઘ્નહર્તા દેવની ભક્તિ આરાધનાનો અનોખો મહીમાં છે. ત્યારે આ વર્ષે કોરોનાના કહેર વચ્ચે મંદિરો પણ ભાવિકો માટે ખુલ્લા રાખવા મુશ્કેલ બન્યા છે. કોરાનાના વધતા સંક્રમણને અટકાવવા માટે પ્રારંભિક તબક્કે બે મહીનાના કડક લોકડાઉન બાદ ધીમે ધીમે સરકાર દ્વારા છુટછાટ આપવામાં આવી રહી છે. પરંતુ હાલના સમયે પણ કોરોના કેસ વધી રહ્યા છે. ત્યારે જાહેર કાર્યક્રમો સહીત ધાર્મિક આયોજન કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. કોરાનાના કહેરને ડામવા માટે ભીડ એકત્રિત ન થાય અને સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તે તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યુ છે. ગણેશોત્સવ અન્વયે સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ આ વર્ષે ગણેશોત્સવની ઉજવણી મોકુફ રાખવામાં આવી છે. જયારે સેકટરોમાં પણ વિવિધ ઠેકાણે દુંદાળા દેવના આ પર્વની ઉજવણીને અનુલક્ષી યોજવામાં આવતા ભવ્ય કાર્યક્રમો પણ બંધ રાખવામાં આવ્યા છે. સેકટરોમાં દરવર્ષે ગણેશોત્સવની ઉજવણી અન્વયે ભવ્ય શોભાયાત્રા પણ યોજવામાં આવે છે. પરંતુ આ વર્ષે શોભાયાત્રા સહીતના તમામ કાર્યક્રમો થઈ શકશે નહીં આવા સંજોગોમાં ભાવિકોમાં આ વર્ષે ઘરે જ ગણેશજીની મુર્તિનુ સ્થાપન કરી પારિવારિક માહોલમાં ગણેશોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં આ વર્ષે પણ માટીની ઈકો ફ્રેન્ડલી મુર્તિનુ વિશેષ વેચાણ થયુ છે.જેથી વિસર્જન પણ સરળતાથી થઈ જાય તેવા અભિગમ સાથે કોરોનાના સંકટ વચ્ચે વિઘ્નહર્તા ગણેશજીની આરાધના માટે ભાવિકો સજજ બન્યા છે. કોરોના જેવી મહામારીની આફતમાંથી ઉગારવા માટે પણ ભાવિકો વિઘ્નહર્તા ગણેશજીની પુજા અર્ચના કરશે. સેકટરોમાં મોટાભાગના ભાવિકો ગણેશજીની ઘરે જ સ્થાપના કરી વિશેષ પુજા અર્ચના કરવાનુ આયોજન કર્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાના સફાઈ કામદારોએ ચોમાસાને લઈ મનપા તરફથી વરસાદ સામે રક્ષણ મેળવવા રેઈનકોટ સહિતની સુવિધા સત્વરે પુરી પાડો તેવી માંગ કરી છે.
- ગાંધીનગર જિલ્લાના ૪૦ થી વધુ ગામોમાં આજે પણ ગામતળની જગ્યા નથી.
- ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થયો છે. મધામાં મેઘ મ્હેર થતાં ખેડૂતોમાં અનેરી ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે સવારે વરસાદ થતાં ઘણા કર્મયોગીઓ ઓફિસે પોંચવામાં મોડા પડ્યા હતા.
- ગાંધીનગર તાલુકામાં ચાર કલાકમાં બે ઈંચ, તો માણસામાં ચાર કલાકમાં એક ઈંચ, કલોલમાં બે કલાકમાં અઢી ઈંચ જેટલો તો દહેગામમાં પણ બે કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો.
- ગાંધીનગર શહેરમાં થયેલા વરસાદ અને ગાજવીજના પગલે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ તેમના વોર્ડ વિસ્તારનો રાઉન્ડ લઈ અને ભરાયેલા પાણીના નિકાલ માટે તેમજ પડેલા ભુવાઓ સંદર્ભે તંત્રને સૂચનાઓ આપી હતી.

# સે. ૩, ૫ અને ૬ના માર્ગોમાં લેવલીંગ ન હોવાથી પાણી ભરાઈ ગયા

### વોર્ડ નં. ૭ના કાઉન્સીલર રાકેશ પટેલે વ્યક્ત કર્યો આક્રોશ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના વોર્ડ નં. ૭ માં સમાવિષ્ટ સે. ૩, ૫ અને ૬ ખાતે આંતરિક રસ્તાઓનું કામ લેવલ જાળવ્યા



સિવાય કરવામાં આવ્યુ હોવાથી વરસાદી પાણી ભરાઈ રહેતુ હોવાનો ગંભીર આક્ષેપ કોંગી કાઉન્સીલર રાકેશ પટેલે કર્યો છે.

આજે એક અખબારી નિવેદનમાં રાકેશ પટેલે જણાવ્યુ છે કે તેમના વોર્ડના આ સેક્ટરોની મુલાકાત દરમ્યાન પાંચથી પણ વધુ માર્ગોમાં લેવલ નહિ જળવાયાનું અને ભારે વરસાદ થતાં પાણી ભરાઈ રહેતુ હોવાની ફરિયાદ વસાહતીઓએ કરી છે.

માર્ગોના કામમાં લેવલીંગ નહિ જળવાતુ હોવાની અત્રે તંત્ર સમક્ષ અગાઉ રજુઆત કરી હતી પરંતુ તંત્રએ ઉદાસીન વલણ દાખવતાં આજે અમારા વોર્ડમાં પાણીજન્ય તેમજ વાહકજન્ય રોગચાળઆની સ્થિતિ વકરે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

પટેલે જણાવ્યુ હતુ કે સે. ૫ માં ૪ આંતરિક માર્ગો છે જ્યાં લેવલ જળવાયુ હોય તેવુ જણઆતુ નથી અને પાણી ખાસ્સા ભરાઈ જતાં જનજીવન પર તેની અસરો પડેલી સ્પષ્ટ જણાઈ આવી હતી. સે. ૬ માં પણ આવી જ સ્થિતિ છે તો સે. ૩ માં પણ માર્ગોને વરસાદથી નુકશાન થયાનું સ્પષ્ટ દેખાય છે.

તેમણે શહેરમાં માર્ગ-સલામતિની વાતો અને આયોજનો તૈયાર કરવામાં આવે છે પરંતુ સેક્ટરોના આંતરિક રસ્તામાં જ વધેલી ગરબડો અંગે કેમ તંત્ર મૌન છે તે સમજાતુ નહિ હોવાનું કહ્યુ હતુ.

## મનપાની સામાન્ય સભા યોજવા હસમુખ મકવાણાની માંગ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની તાકીદે સામાન્ય સભા બોલાવવાની માંગ કોંગ્રેસના સિનીયર કાઉન્સીલર હસમુખ મકવાણાએ કરી છે.

મેયરને ઉદ્દેશીને લખેલા પત્રમાં તેમણે તંત્રમાં વધતા જતા ભ્રષ્ટાચારનો મુદ્દો લખ્યો છે. તેમણે કોવિડ-૧૯ની ગાઈડલાઈનને ધ્યાને રાખી તાત્કાલિક મનપાની બેઠક બોલાવવા માંગ કરી છે.

તેમણે આ બેઠકમાં પ્રશ્નો વણ ઉકલ્યા રહેવાને લઈ પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કોરોનાની સાથે પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો ચોમાસામાં વકરે નહિ તે માટે તંત્રએ લીધેલા પગલાંઓની જાણકારી મળે તે પણ હેતુ હોવાનુ જણાવી સાચા અર્થમાં ગ્રીન સીટી, સ્માર્ટ સીટી, સ્વચ્છ સીટીની જાહેરાતો કરીએ તે યોગ્ય ગણાશે તેમ આ ત્રમાં જણાવ્યુ છે.



## મેયર દ્વારા જન્મ દિવસે પંચદેવ મંદિરમાં કોરોના સંક્રમિતોની તંદુરસ્તી માટે પ્રાર્થના

નગરના મેયરશ્રી રીટાબેન અને કેતનભાઈ પટેલ દ્વારા તારીખ ૨૧મીએ પોતાના જન્મ દિવસની સાદગીપૂર્વક અને અનોખી જ ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા દરમિયાન સેક્ટર ૨૨માં પંચદેવ મંદિર પર પૂજા અને હવનનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં ગાંધીનગરના સાંસદ અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહ તથા કોરોના સંક્રમિત થયેલા મહાપાલિકાના અધિકારી, કર્મચારીઓ અને નગરજનો કે જેઓ કોરોનાથી સંક્રમિત થયા છે, તેઓ ઝડપથી તંદુરરસ્તી પરત મેળવે તેના માટે પ્રાર્થના કરી હતી.

## આજે આઈઆઈટી ગાંધીનગરનો નવમો પદવીદાન સમારોહ નંદન નિલકેણીની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલી યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગરના પાલજ ખાતેની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીનો નવમો પદવીદાન સમારોહ યોજાશે. દેશભરમાં ચાલી રહેલ કોવિડ-૧૯ મહામારીના કારણે આ વર્ષે આ પદવીદાન સમારોહનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે.

આઈઆઈટી ગાંધીનગરનો નવમો પદવીદાન સમારોહ વર્ચ્યુઅલ ફોર્મમાં આજે સવારે ૧૧ કલાકે યોજાશે. આ સમારોહમાં ઈન્ફોસીસના સહસ્થાપક નંદન નિલકેણી મુખ્ય મહેમાન પદે ઓનલાઈન ઉપસ્થિત રહેશે. સમગ્ર સમારોહને આઈઆઈટી ગાંધીનગરની વેબસાઈટ તથા ફેસબુક પેજ પરથી લાઈવ પ્રસ્તુત કરાશે તેમજ યુ ટ્યુબ ચેનલ પરથી પણ તેનુ જીવંત પ્રસારણ કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



કેસની સંખ્યા કરતા સાજા થવાની સંખ્યા વધી ન જાય તેનું પણ સાથોસાથ ધ્યાન રાખીએ છીએ...

# એક દંત દયાવંત ગણેશજીની "ઈકો ફ્રેન્ડલી" મૂર્તિઓ ઘરે જ બનાવવાનો ટ્રેન્ડ..!!!

### કાળી ચિકણી માટી ઉપરાંત દિવાસળીની સળીઓ, કાપડના ટુકડાં અને વોટર કલરનો ઉપયોગ કરાઈ રહ્યો છે : બાળકોની સર્જનશક્તિ ખિલવા સાથે ઉત્સાહ બેવડાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ગણનાયક



ગણેશજીના ઉત્સવનો શનિવારથી પ્રારંભ થઈ રહ્યો છે. તમામ કાર્યોમાં જેમની સૌ પ્રથમ આરાધના કરવામાં આવે છે અને જેમનું સ્થાપન અત્યંત શુભ માનવામાં આવે છે તેવા સૂંઢાળા દેવ ગજાનંદના જાહેર ઉત્સવ યોજવા પર સરકારે કોરોના મહામારીના કારણે રોક લગાવી છે પરંતુ શ્રદ્ધાળુઓ પોતાના ઘરે શ્રીજીનું સ્થાપન કરી શકશે. જો કે ઘરમાં સ્થાપન કરેલ વિઘ્નહર્તાનું વિસર્જન પણ ઘરે જ કરવું પડશે અને આ કારણે આ વર્ષે મંગલમૂર્તિની માટીની મૂર્તિઓની માંગ વધી જવા પામી છે. જો કે કેટલાંક શ્રદ્ધાળુઓએ પોતાના ઘરે પોતાના હાથે જ મહાદેવના સુપુત્ર એ શ્રી ગણેશની મૂર્તિઓ બનાવી લેવાનું મુનાસિબ માન્યું છે.

આ વર્ષે શહેરમાં ગણેશજીની માટીની મૂર્તિઓ શ્રદ્ધાળુઓ દ્વારા જાતે પોતાના હાથે જ ઘરે બનાવવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આ માટે સોશિયલ મિડીયા પણ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. સોશિયલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મ પર ગણેશજીની માટીની મૂર્તિ જે "ઈકો ફ્રેન્ડલી" હોય તે ઘરે કેવી રીતે બનાવવી તે દર્શાવતા અનેક સંદેશા અને વિડિયોઝ જોવા મળી રહ્યાં છે. માટીની મૂર્તિ બનાવવા માટે શ્રદ્ધાળુઓ



કાંપની કાળી ચિકણી માટીનો ઉપયોગ કરી રહ્યાં છે તેમજ તેમાં દિવાસળીની સળીઓ તથા કાપડના ટુકડાઓનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સાથે ગણેશજીની મૂર્તિ તૈયાર થયા બાદ રંગ રોગાન માટે કેમિકલ રહિત વોટર કલરનો ઉપયોગ થઈ રહ્યો છે જ્યારે ઘણા શ્રદ્ધાળુઓ તો હળદળ, કંકુ વગેરેનો ઉપયોગ કરી રહ્યાં છે. આ સાથે સજાવટ માટે વિવિધ રંગના કઠોળના દાણાનો પ્રયોગ પણ કેટલાંક શ્રદ્ધાળુ કરી રહ્યાં છે. આ ટ્રેન્ડના કારણે ખાસ કરીને બાળકોની સર્જનશક્તિ ખિલી રહી છે અને તેમનો ઉત્સાહ બેવડાયો છે.

## મુખ્યમંત્રીના જૈન જૈનેતર નાગરિકોને "મિચ્છામી દુક્કડમ"

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જૈન અને જૈનેતર નાગરિક ભાઇ-બહેનોને સંવત્સરી પર્વ પ્રસંગે "મિચ્છામી દુકકડમ" પાઠવ્યા છે.

વિજયભાઇ રૂપાણીએ પર્યુષણ મહાપર્વને ક્ષમાપના અને ઉપકાર સ્મરણ પર્વ ગણાવતાં જણાવ્યું છે કે ક્ષમા, કરૂણા અને જીવદયાના ભગવાન મહાવીરના સિધ્ધાંતોને આત્મસાત કરનારૂં પર્યૂષણ પર્વ, સામાજીક સમરસતા અને માનવતાની શકિતઓને વધુ પ્રગાઢ બનાવશે.

મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ જૈન પરિવારોને સંવત્સરી પર્વની શુભેચ્છાઓ સાથે મિચ્છામી દુક્કડમ પણ પાઠવ્યા છે.

## મુખ્યમંત્રીની ગણેશ ચતુર્થી પર્વની પ્રજાજનોને શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિક ભાઇ-બહેનોને ગણેશ ચતુર્થી પર્વની શુભકામનાઓ પાઠવી છે.

વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીનું આ પર્વ કોરોના મહામારી સહિતના હરેક પ્રકારના વિઘ્નો-સંકટો નિવારીને, ગુજરાતને પ્રગતિશીલ-વિકસીત, સુખી-સમૃધ્ધ અને શકિતશાળી બનાવશે એવી ગણેશચતુર્થીની શુભેચ્છા મુખ્યમંત્રીએ આ પાવન પર્વ પ્રસંગે વ્યકત કરી છે.